ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૪૦ ટકા

# શહેરમાં ૨૨મીથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં આવેલી ૩૩ પ્રાથમિક શાળાઓમાં ૩૮૧ કન્યા અને ૩૪૯ કુમાર મળી કુલ-૭૩૦ બાળકોને તા. ૨૨ થી ૨૪મી જૂન દરમ્યાન યોજાનાર શહેરી વિસ્તારના શાળા પ્રવેશોત્સવમાં નામાંકન કરવાનું આયોજન હાથ ધર્યું છે.

ગાંધીનગર શહેરના શાસનાધિકારી શ્રીમતી છાયાબેન પી. રાવલે જણાવ્યું છે કે, આ શાળા પ્રવેશોત્સવમાં રાજયના મુખ્ય સચિવ શ્રી જે.એન. સિંઘ બોરીજ, માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ, સરદાર વલ્લભભાઈ વિદ્યામંદિર, સેકટર-૭, જી.ઈ.બીની સરકારી પ્રાથમિક શાળા અને સ્વામી યોગાનંદ હાઈસ્કુલ ખાતે ધોરણ-૧ ના બાળકોની પ્રવેશવિધી સંપન્ન કરાવશે.

ગાંધીનગર શહેરની કુલ-૩૩ પ્રાથમિક શાળાઓમાં મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગુજરાત પાઠયપુસ્તક મંડળના ચેરમેન શ્રી નિતીનભાઈ પેથાણી, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી મનુભાઈ પટેલ જેવા પદાધિકારીઓના હસ્તે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાજયના વરિષ્ઠ અધિકારીઓમાં શ્રમ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી કમલકુમાર દયાની, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.એન.મોદી, નાયબ નિયામક ( વિકસતી જાતિ) શ્રી એમ.પી.ઠાકર પણ વિવિધ શાળાઓમાં ગાંધીનગર શહેરના બાળકોનું નામાંકન કરાવશે.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, મધુર ડેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી સવારે ૬ થી ૭ કલાક દરમિયાન મધુર ડેરી ખાતે કરાશે.

## આજથી જૂના સચિવાલય ખાતે નિઃશુલ્ક લયબધ્ધ શ્વસનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના શ્રી એસ.આર.બી. ગ્રુપ દ્વારા વિશ્વ યોગ દિવસ નિમિત્તે પૂ.તાવરિયાજી નિર્દિષ્ટ 'લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વસ્થ્ય'ના નિઃશુલ્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૧મી જુનથી તા. ૨૭મી જુન દરમિયાન સવારે ૭.૩૦ થી ૮.૩૦ કલાકે જુના સચિવાલયમાં બ્લોક નં. ૮ની પાછળ ભોંયતળિયે આવેલા યોગ હોલ ખાતે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો લાભ લવા નગરજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ૧૫૦૦ બાળકોએ યોગાસન કર્યા

### વિશ્વ યોગ દિવસની ઉજવણીના સંદર્ભે બાળકોએ વિવિધ યોગમુદ્રા તથા સૂર્યનમસ્કાર કર્યા





ગાંધીનગર, તા.૨૦

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તાર સ્થિત સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોગ દિવસની ઉજવણીનો દબદબાભેર પ્રારંભ કરાયો હતો. આ ઉજવણીમાં શાળા સંકુલ ખાતે આશરે ૧૫૦૦ જેટલા બાળકોએ સવારે ૮.૩૦ થી ૧૦ કલાક સુધી વિવિધ યોગાસન તથા સૂર્ય નમસ્કાર કર્યા હતા.

દેશભરમાં તા. ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાતમાં આ વર્ષે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પતંજલિ યોગ સમિતિના બાબા રામદેવના માર્ગદર્શનમાં યોગનો વિશ્વ વિક્રમ રચાવા જઈ રહ્યો છે. ચોતરફ સમગ્ર માહોલ યોગમય બની ગયો છે ત્યારે ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તાર ખાતે સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલમાં પણ યોગ દિવસની ઉજવણીનો ધમાકેદાર પ્રારંભ કરાયો હતો. આ ઉજવણીમાં વહેલી સવારે ૮.૩૦ થી ૧૦ વાગ્યા સુધી આશરે ૧૫૦૦ બાળકોએ ભાગ લઈ યોગાભ્યાસ કર્યો હતો. જેમાં બાળકોએ વિવિધ યોગાસનો તથા સૂર્ય નમસ્કાર ઉપરાંત અનેક પ્રકારના શારીરિક કરતબોનું પણ નિદર્શન કર્યું હતું. બાળકોએ વજાસન, પદમાસન વગેરેથી માંડીને પશ્ચિમોત્તાસન સુધીના યોગાસનો કર્યા હતા. વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સંસ્થા ટ્રસ્ટી શૈલેષભાઈ ઠક્કર, ગુજરાતી મિડીયમના આચાર્ય નિર્મલ પટેલ તથા અંગ્રેજી મિડીયમના પ્રિન્સિપાલ અર્પણા શેઠ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોને શાળાના સ્પોર્ટસ ટીચર દ્વારા યોગાસન કરાવવામાં આવ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં હોબાળો થવાની આગોતરી આશંકાએ ભાજપી કોર્પોરેટર્સ ખાનગી સિકયુરિટી સાથે આવ્યા હતા. પોલિસ સુરક્ષા પર કદાચ શંકા હોવાને કારણે ભાજપના કોર્પોરેટરોએ ૪ ખાનગી સુરક્ષા કર્મીઓને સિવિલ ડ્રેસમાં સાથે રાખ્યા હતા.

● નવા સચિવાલયના ગેટ નં. ૧ ખાતે એક શખ્સને ખાનગી ડ્રેસમાં રિવોલ્વર સાથે અંદર ઘુસતો જોઈ સુરક્ષા કર્મીઓએ તેને અટકાવતા તેણે પોતે ઊંઝાના ધારાસભ્ય નારયણભાઈ પટેલનો કમાન્ડો હોવાની ઓળખ આપી હતી. જો કે સુરક્ષા કર્મીએ તેને આઈકાર્ડ બતાવવાનું કહેતા તેણે પિત્તો ગુમાવી એક કલાક સુધી માથાકૂટ કરી હતી પરંતુ અંતે તેને આઈ કાર્ડ બતાવવું પડયું હતું.

● ગાંધીનગરની જીઈબી કોલોની ખાતે સિકયુરિટી ગાર્ડ અને સિકયુરિટી સુપરવાઈઝર વચ્ચે કોઈ મુદ્દે ભારે માથાકૂટ થવા પામી હતી. અંતે બંને પક્ષ દ્વારા એકબીજા સામે ફરિયાદ નોંધાતા પોલિસે બંને પર ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજની સાધારણ સભા

ગાંધીનગર, તા.૨૦

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજના આજીવન સભાસદોની ૨૦૧૬-૧૭ની સાતમી વાર્ષિક સાધારણ સભાતા. ૨૩મી જુનના રોજ સાંજે ચાર વાગે પ્લોટ નં. ૧૭૫૭/૨, સેકટર-૨-ડી સ્વામિનારાયણ મંદિર પાસે રાખવામાં આવેલ છે. સાતમી વાર્ષિક સાધારણ સભામાં મહિલા ટ્રસ્ટના તમામ આજીવન સભાસદોએ હાજર રહેવા પ્રમુખ ગોમતીબેન કનુભાઈ પરમારે જણાવેલ છે.

## જેસીઆઈ ગાંધીનગર દ્વારા પ્રાથમિક સારવાર કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૦

રાજયમાં દિન પ્રતિદિન વાહનોની સંખ્યા સવિશેષ વધતી જોવા મળે છે. શહેરમાં જ છેલ્લા પાંચ વર્ષમાં વાહનના વેચાણમાં અધધ ઉછાળો જોવા મળ્યો છે. ત્યારે સાથોસાથ ટ્રાફિક નિયમનનો ભંગ કરીને બેફામ ગતિ એ વાહનો હંકારતા વાહન ચાલકો ગમેતે સમયે અકસ્માતનો ભોગ બને છે. ત્યારે માર્ગ અકસ્માતમાં મુસાફરને ઈજા પહોંચે તો તાત્કાલીક ધોરણે તેનો પ્રાથમિક સારવાર જેતે ઘટના સ્થળે જ કરી શકાય તેવા ઉમદા હેતુથી આજ રોજ જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ગાંધીનગરના ઝોન પ્રમુખ ડો.ભુવન રાવલના હસ્તે વાહન ચાલકોને પ્રાથમિક સારવાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રાથમિક સારવાર કીટમાં સોફ્રામાઈસીન ટ્યુબ, રૂ, પાટા-પિંડીનો સામાન, બેન્ડએઈડ, સેવલોન, સહિતનો સમાવેશ કરાયો હતો. જે.સી.આઈ. ટીમ દ્વારા અંદાજીત ૧૦૦૦ થી વધુ વાહનચાલકોને કીટ આપવામાં આવી છે. જેમાં રીક્ષા, બાઈક, જીપ, કાર સહિતના અન્ય વાહનચાલકોનો સમાવેશ થાય છે. આ અનેરા ઉમદાકાર્યમાં પૂર્વ પ્રમુખ જશવંત ગાંધી, કેતન ભાવસાર, તથા મહાનગર ભાજપના મહામંત્રી પંકજ ઠાકોર સહિત અન્ય સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સૌ સભ્યોનો જેસીઆઈ ગાંધીનગરના પ્રમુખ ડો. પરાગી ગાંધીએ આભાર માન્યો હતો.




## શહેરના ગ-૧ થી ગ-૨ તરફના માર્ગે વન વિભાગની ફેન્સીંગની દુર્દશા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના માર્ગો પર રોડની સાઈડમાં વનવિભાગના તંત્ર દ્વારા ફેન્સીંગની તારીની વાડ બનાવાઈ છે. જેથી વૃક્ષોની સલામતી પણ જળવાય અને માર્ગની સાઈડમાં થતા દબાણ પણ આપોઆપ દુર થઈ જાય. જેને પગલે તાજેતરમાં વનતંત્ર દ્વારા શહેરના મોટાભાગના માર્ગોપર તારની વાડની નવિનીકરણનું કામ કરવામાં આવ્યું છે. ત્યારે શહેરના ગ-૧ થી ગ-૨ તરફ જતા માર્ગ પર આવેલ ફેન્સીંગની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. ફેન્સીંગના ૧૦ થી વધુ સિમેન્ટના થાંભલા તુટી ગયા છે. જયારે કેટલાક થાંભલાઓને વાળી નાંખી દીધા છે. સરકાર દ્વારા વૃક્ષોના જતન માટે લાખો રૂપીયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે વનવિભાગ દ્વારા તૈયાર કરાયેલ તારની વાડની હાલત અત્યંત કંગાળ હાલતમાં જોવા મળી રહી છે.

ગાંધીનગર શહેર ગ્રીનસીટી તરીકે ઓળખાતું હતું પરંતુ સમય અને સંજોગ બદલાતા શહેરની ગ્રીનસીટીની ઓળખ પણ ભુંસાઈ ગઈ છે. ત્યારે વનવિભાગ દ્વારા શહેરમાં પોતાના હસ્તકની જમીનમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. તાજેતરમાં જ ચોમાસાની સિઝનને અનુલક્ષી હજ્જારો રોપાઓનું વાવેતર તંત્ર દ્વારા કરાયું છે ત્યારે રોપાઓની સલામતી માટે ફેન્સીંગ પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે. શહેરના મોટાભાગના મુખ્ય રસ્તાઓ અને સેકટરના આંતરીક માર્ગો પરની બંન્ને બાજુએ વનતંત્ર દ્વારા નવીન ફેન્સીંગ તૈયાર કરવામાં આવી છે. જેને અનુલક્ષી રોપાઓની સલામતીનો પ્રશ્ન પણ ના રહે અને દબાણ પણ દુર થઈ જાય. જયારે નગરમાં કેટલાક સ્થળો પર દબાણકારો દ્વારા ફેન્સીંગ તોડીને જગ્યા કરી દેવાઈ છે.ત્યારે ગ-૧ થી ગ-૨ તરફના માર્ગ પર ફેન્સીંગના તુટેલા થાંભલા નજરે પડી રહ્યા છે. ત્યારે તુટી ગયેલા થાંભલાઓને પગલે હજ્જારો રૂપીયાનુ નુકશાન તંત્રને વેઠવાનો વારો આવ્યો છે. ફેન્સીંગ તાત્કાલીક ધોરણે ફરીવાર બને તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

## દિવ્ય જીવન સંઘે ૧૨ યોગા સેન્ટરોમાં યોગ તાલિમ નિઃશુલ્ક આપી

ગાંધીનગર, તા.૨૦

૨૧મી જુન વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે તેના ઉપક્રમે ભારત સરકારે યોગના વર્ગો એક માસ અગાઉ શરુ કરવા જણાવેલ હતા તે અન્વયે દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખાના ૧૨ યોગ શિક્ષકોએ વિવિધ સેકટોમાં, ન્યુ ગાંધીનગર, રાંધેજા, આયુર્વેદ કૉલેજ, કોલવડા, બ્રહ્માકુમારી સેન્ટર સે-૨૮, ઉર્જાનગર, સીઆરપી કેમ્પ ચિલોડા, એસઆરપી કેમ્પ સે-૨૭, ગાયત્રી મંદિર સે-૧ વગેરે સ્થળોએ યોગાના વર્ગોનું સંચાલન કરેલ હતું. જેમાં ૮૫૦ તાલીમાર્થીઓએ તાલીમ લીધી હતી. દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખા છેલ્લા ૨૦ વર્ષથી યોગના વર્ગો નિઃશુલ્ક ચલાવે છે.

## આઈ લવ માય ગાંધીનગર



**દિવાકરભાઈ પંડ્યા**
**જ્યોતિષી**

**ગાંધીનગર ગમે**
ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**
સ્ટેટ ફોરવર્ડ સરકારી નોકરીયાત લોકો ઉપરાંત, સહૃદયીઓ, સેવાભાવીઓ પણ આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવાવિકાસના નક્કર કાર્યક્રમો આ નગરને બહેતર બનાવી શકે એમ મારું માનવું છે.

**નગર માટે હું કરી શકું**
સેવા અને યુવા વિકાસના કાર્યક્રમો માટે મારી સહાય પૂરી પાડવા માટે હું તૈયાર છું.

## સોનારડાની કિશોરીનાં આપઘાત પ્રકરણમાં પ્રેમી સામે ગુનો દાખલ

### આપઘાત કરવા મજબુર કરનાર મુબારકપુરના પ્રેમી સામે મૃતક કિશોરીની માતાએ નોંધાવી ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૦

ડભોડા નજીક સોનારડા ગામમાં રહેતી ૧૭ વર્ષીય કિશોરીએ ત્રણ દિવસ પહેલા પોતાના ઘરના બીજા માળે પ્રેમીએ વાતચીત કરવાનું ઓછું કરી દેતા હિંચકાના કડે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ પ્રકરણમાં કિશોરીના મોબાઈલમાંથી મળેલા પ્રેમી સાથેની વાતચીતના ઓડીયો વિડીયોને આધારે મૃતક કિશોરીની માતાની ફરિયાદ લઈ ડભોડા પોલિસે મુબારકપુર ખાતે રહેતા પ્રેમી સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ ગુનો દાખલ કર્યો છે.

સોનારડા ગામમાં રહેતી ૧૭ વર્ષીય કિશોરી પુજા કનુભાઈ પટેલ મુબારકપુર ખાતે રહેતા પ્રેમી ગીજ્જુ ઉર્ફે નીરવ શૈલેષ પટેલના પરિચયમાં એકાદ વર્ષથી આવી હતી. નિરવ પટેલ અવારનવાર પુજા સાથે મોબાઈલ પર વાતચીત કરી લલચાવી ફોસલાવી તેણીને પ્રેમજાળમાં ફસાવી પુજાને ત્રણેક દિવસથી કોઈ વાતથી માનસિક ટેન્શનમાં રાખી હતી જે અનુસંધાને પુજાએ વિડીયો કોલ કરીને રડતા રડતા વિડીયો મેસેજ ગીજ્જુને મોકલ્યો હતો. આ તમામ ઓડીયો-વિડીયો મોકલ્યા બાદ પુજાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેને પગલે ડભોડા પીએસઆઈ ડી.બી વાળાએ પુજાની માતા સાધનાબેનની ફરિયાદને આધારે પ્રેમી ગીજ્જુ ઉર્ફે નીરવ પટેલ સામે દિકરીના આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ચિલોડા ખાતે હોમગાર્ડ યુનિટ દ્વારા યોગ દિવસની ઉજવણી કરાઈ





ચિલોડા, તા.૨૦

પ્રતિ વર્ષ ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરાયું છે. સમગ્ર ગુજરાત રાજયમાં ત્રીજા વિશ્વ યોગ દિવસ તા. ૨૧મી જૂન ૨૦૧૭ની ઉજવણી નિમિત્તે વિવિધ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ યોગ દિવસ નિમિત્તે ચિલોડા માર્કેટ યાર્ડ પરેડ ગ્રાઉન્ડ ખાતે હોમ ગાર્ડઝ યુનિટ દ્વારા યોગના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં પ્રજાપિતા બ્રહ્મા કુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેવા કેન્દ્રના સંચાલિકા બી.કે. તારા દીદી શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય માટે રાજયોગનો અભ્યાસ કરવો તેમ જણાવી વ્યસનમુકિત અપનાવવા સમજ આપી હતી. કામ-ક્રોધ-લોભ-ઈર્ષ્યા વિગેરે વિકારોથી દૂર રહેવા રાજયોગની સહજ સમજૂતી જવાનોને આપી હતી.

આ યોગ દિવસની ઉજવણીમાં ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી તથા હોમગાર્ડઝ જવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં પેરાલીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલે યોગ દિવસના મહત્વ સાથે વ્યસન મુકિતની સમજ આપી હતી.

## માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટીની સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૦

માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિમિટેડ ગાંધીનગરની ૨૦૧૬-૧૭ની દશમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૪મી જુનના સવારે સાડા નવ વાગે આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે રાખવામાં આવેલ છે તો તમામ સભાસદોને સમયસર હાજર રહેવા મેનેજીંગ ડીરેકટર કનુભાઈ પરમારે જણાવેલ છે.

# માનસિક વિશિષ્ટો માટે વોકેશનલ કોર્સનો પ્રારંભ

### સેકટર-૭-સીમાં કાર્યરત હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક વિશિષ્ટ બાળકો માટે નિઃશુલ્ક વ્યવસાયિક તાલીમ કોર્સ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૭માં કાર્યરત હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક દિવ્યાંગ બાળકો તથા વ્યકિતઓ માટે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ચલાવાય છે. આ ટ્રેનિંગ સેન્ટરની નવી બેચ માટે પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ થઈ ચુકી છે.

હેત ફાઉન્ડેશન એ માનસિક રીતે વિશિષ્ટ બાળકો તથા વ્યકિતઓના વિકાસ માટે કાર્યરત સંસ્થા છે. આ સંસ્થાના સંચાલિકા મીરાબેન ગઢવીએ સંસ્થા અંગે જાણકારી આપતા કહ્યુ છે કે 'હેત વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં પ્રિ-વોકેશનલ અને વોકેશનલ એમ બે પ્રકારની ટ્રેનિંગ અપાય છે. જેમાં ૧૪ કે તેથી વધુ વર્ષની વય ધરાવતા બાળકો-વ્યકિતઓ જોડાઈ શકે છે. આ ટ્રેનિંગ સેન્ટરમાં માનસિક રીતે વિશિષ્ટ બાળકો માટે વ્યવસાયિક તાલિમની કોઈ તાલીમ ફી લેવામાં આવશે નહી. આ પ્રકારના બાળકોના સર્વાંગી વિકાસ માટે હેત ફાઉન્ડેશન હંમેશા અગ્રેસર રહી છે. ટ્રેનિંગ સેન્ટર દ્વારા વખતોવખત માનસિક વિશિષ્ટ બાળકો માટે પ્રવાસ, પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા રમતગમત વગેરેનું આયોજન પણ કરવામાં આવે છે. આ બાળકોના સર્વાંગી વિકાસ માટે સંસ્થા સતત પ્રયત્નશીલ રહી છે.'

માનસિક રીતે વિશિષ્ટ બાળકો-વ્યકિતઓ માટે હેત વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે પ્રિ વોકેશનલ તથા વોકેશનલ ટ્રેનિંગ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચુકયો છે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સેકટર-૭-સીમાં ડૉ. અંકુર પરમાર ડેન્ટલ કિલનીકની બાજુમાં, ગાંધીનગર એસ.ટી. ડેપોની સામેના ભાગે, પ્લોટ નં. ૯૭૭/૨ ખાતે કાર્યરત સેન્ટરનો ૧૧ થી ૫ કલાક દરમિયાન સંપર્ક સાધવા જણાવાયું છે. આ કોર્સની માહિતી મેળવવા મો.નં. ૯૪૨૯૦૯૨૩૦૬ અથવા ૮૭૮૦૦૩૩૪૦૫ પર સાંજે ૫.૩૦ બાદ સંપર્ક સાધવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. શકુંતલાબેન અમૃતલાલ ગજ્જર, ઉ.વ. ૯૭
- સ્વ. સંતોષપાલ, ઉ.વ. ૭૬